# સાબરકાંઠામાં વહેલી સવારે ગાજવીજ સાથે વરસાદનું આગમન

## હિંમતનગર પંથકમાં ભારે પવનના સૂસવાટા સાથે ૨૦ મીમી વરસાદ વરસ્યો

હિંમતનગર, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી અસહ્ય ઉકળાટ અને બાફના પ્રકોપ વચ્ચે મંગળવારે સવારે અચાનક વાતાવરણમાં આવેલા પલટા બાદ પવનના સૂસવાટા સાથે અડધાથી પોણો ઈંચ વરસાદ ખાબકયો હતો. જેના કારણે થોડાક સમય માટે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જોકે બપોર બાદ ફરીથી તડકો નીકળતા બાફ અને ઉકળાટ અસહ્ય બની રહ્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લાની પ્રજાએ દર વર્ષે તા.૨૦ જૂનની આસપાસ વાવણીલાયક વરસાદની આશા રાખે છે. જેથી આ વર્ષે પણ ખેડૂતોએ ગત વર્ષની જેમ જ સમયસર વરસાદ પડશે તેવી ધારણા રાખી હતી. દરમિયાન થોડાક દિવસ અગાઉ જિલ્લાના મોટાભાગના સ્થળે વાવણી લાયક વરસાદ થવાના કારણે ખેડૂતોએ હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા સહિતના ગ્રામ્ય પંથકમાં કપાસ, મગફળી સહિત કઠોળ પાકોનું વાવેતર કરી દીધુ હતું. પરંતુ અઠવાડિયા બાદ વરસાદ ન થતા કેટલોક પાક પાણી વિના કરમાઈ રહ્યો હતો. પરંતુ તે દરમિયાન મંગળવારે સવારના પહોરમાં જ કાળા ડીબાંગ વાદળો વરસાદ લઈને આવ્યા હતા. જેથી શરૂઆતમાં ઠંડા પવનની સાથે ઠેક ઠેકાણે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. જિલ્લા ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મંગળવારે હિંમતનગરમાં સૌથી વધુ ૨૦ મીમી, પ્રાંતિજમાં ૧૧ મીમી, વડાલીમાં ૦૬ મીમી, તલોદમાં ૯ મીમી, ઈડરમાં ૪ મીમી સહિત અન્ય વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટા પડયા હતા. હિંમતનગર તાલુકાના ગાંભોઈ પંથકમાં વાવાઝોડાના કારણે ઝાડ તૂટી પડયુ હતું. કેટલાક સ્થળે વરસાદની શરૂઆત થતાની સાથે જ વીજ પુરવઠો બંધ થઈ ગયો હતો. જોકે બે કલાક બાદ વીજ પુરવઠો પૂર્વવત થયો હોવાનું આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યુ હતું.

## ભિલોડામાં સવારે વાવાઝોડું ફુકાયા બાદ વરસાદી ઝાપટુ

ભિલોડા તાલુકા મથક ખાતે અસહ્ય કાળઝાળ ગરમી અને ભારે ઉકળાટભર્યા માહોલ વચ્ચે વહેલી સવારે વાતાવરણમાં એકાએક પલટો આવતા આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાયા હતા. વાવાઝોડું ફુંકાયા બાદ વીજળીના કડાકા-ભડાકા અને મેઘ ગર્જના વચ્ચે વરસાદી ઝાપટુ વરસ્યું હતું. ખેતરોમાં અને નીચાણવાળા વિસ્તારોમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાયા હતા. વાતાવરણમાં એકદંરે આહ્‌લાદક ઠંડક પ્રસરી હતી. સામાન્ય વરસાદ અને વાવાઝોડું ફુકાતા વીજ પુરવઠો ખોરવાયો હતો.

અસહ્ય ઉકળાટ અને બફારાથી અબોલા પશુ-પખીઓ અને પ્રજાજનો હેરાન પરેશાન થઈ રહ્યા હતા. ભારે પવન સાથે વરસાદી માહોલ સર્જાયો હતો. વાવાઝોડા સાથે વરસાદ વરસતા જન જીવન પ્રભાવિત થઈ ગયું હતું. ખેડુતોમાં અત્ર-તત્ર-સર્વત્ર આનંદની લાગણી પ્રસરી હતી. ચોમાસુ સિઝનના શુભારંભ દરમ્યાન ખેડુતો ખેતીના કામકાજમાં પરોવાયા છે. ખેડુતો બિયારણની ખરીદી અર્થે બિયારણની દુકાનોમાં ઉમટ્યા હતા.



## ધનસુરામાં ૯ મીમી વરસાદ

અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં આજે વહેલી સવાર થી જ વાતાવરણ માં પલટો આવ્યો હતો અને વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસ્યો હતો. વાતાવરણમાં અચાનક પલટો આવતા ધનસુરામાં વરસાદી માહોલ સર્જાયો હતો. ભારે પવન અને ગાજવીજ સાથે ધનસુરામાં વરસાદ વરસ્યો હતો. અસહ્ય ઉકળાટ બાદ વરસાદનું આગમન થતા વાતાવરણ માં ઠંડક પ્રસરી હતી અને લોકોને ગરમીથી રાહત થઈ હતી. વરસાદને લઈ રોડ પર પાણી ભરાયા હતા વરસાદ થતાં મકાઈ મગફળી અને તુવેર ના પાક ને થશે ફાયદો જેને લઈ ખેડૂતોમાં ખુશી.

# અરવલ્લી જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

## મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા પર પાણી ફરી વળ્યું, વીજકરંટથી ૨ પશુના મોત

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં આજે વહેલી સવારે અચાનક પલટો આવતા જિલ્લાના મોડાસા, મેઘરજ, માલપુર, ઈંચ જેટલો વરસાદ વરસતા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતાં, શહેરના ચાર રસ્તા, બસ સ્ટેશન, ડીપ સહિતના વિસ્તારની સોસાયટીમાં પાણી ભરાયા હતા જેના લીધે સ્થાનિકોને મોડાસા શહેરના સતત વાહનોથી અને રાહદારીઓથી ધમધમતા બસ સ્ટેન્ડ પાછળ અજન્ટા કોમ્પ્લેક્ષ સામે રહેલી વીજડીપીમાં કરંટ ઉતરતા રખડતા પશુનું મોત નીપજ્યું હતું. બોલાવતા મોડાસા શહેરમાં ૪૪ એમ.એમ., માલપુરમાં ૨૩ એમ.એમ., મેઘરજમાં ૧૦ એમ. એમ., ધનસુરામાં ૯ એમ. એમ. જ્યારે ભિલોડામાં ૩ એમ. એમ. વરસાદ વરસ્યો હતો. મોડાસા



મોડાસા અને ધનસુરા તાલુકામાં વરસાદી માહોલ સર્જાયો હતો. કાળા ડિબાંગ વાદળો છવાયા હતા ભારે પવન અને ગાજવીજ સાથે મોડાસા શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો જેને લઈને વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. મોડાસા શહેરમાં સૌથી વધારે દોઢ ભારે હાલાકી વેઠવી પડી હતી. ઉલ્લેખનીય છે કે પહેલા જ વરસાદમાં ઠેરઠેર પાણી ભરાતા તંત્રની નબળી કામગીરી છતી થઈ હતી મોડાસા શહેરમાં ભારે પવન સાથે વરસેલા વરસાદને કારણે વૃક્ષ ધરાશાયી થવાની ઘટનાઓ પણ ઘટતી હતી. વીજડીપીની આજુબાજુમાં મોટા પ્રમાણમાં વાહનચાલકો તેમના વાહન પાર્ક કરતાં હોય છે, સદનસીબે વહેલી સવારનો સમય હોવાથી જાનહાની ટળી હતી. અન્ય એક વીજડીપીમાથી કરંટ ઉતરતા ગાયનું મોત નીપજ્યું હતું. મંગવારે સવારે મેઘરાજાએ ધબધબાટી નગરપાલિકા તંત્રની વિકાસની ગુલબાંગોને પહેલા જ વરસાદે પોલ ખોલી નાખી હતી. મોડાસા શહેરમાં વહેલી સવારે ૧ કલાકમાં ખાબકેલા ૨ ઇંચ જેટલા વરસાદે પ્રિમોન્સુન પ્લાન ધરાશાયી કરી દીધો હતો શહેરમાં મુખ્યમાર્ગ પર પાણી ફરી વળ્યાં હતા.

# અંબાજી ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ

શકિતપીઠ અંબાજી ખાતે અનલોક ૧ના સમયમા રાજકીય ભૂકંપ આવી ગયો હતો જયારે અંબાજી ગ્રામ પંચાયતના ડેપ્યુટી



સરપંચ તરીકે ૨૦૧૭ થી કાર્યરત કલ્પનાબેન પટેલ વિરુદ્ધ આજરોજ ગ્રામ પંચાયતના કોમ્યુનીટી હોલમા સવારે ૧૧ વાગે અવિશ્વાસની દરખાસ્ત માટે સામાન્ય સભા બોલાવવામાં આવી હતી આ સમયે પોલીસનો મોટો કાફલો પણ ખડકી દેવામાં આવ્યો હતો ત્યારે જે પી ચૌહાણ વિસ્તરણ અધિકારી, દાંતા તાલુકા પંચાયતની હાજરીમા અંબાજી ગ્રામ પંચાયતના સરપંચ રામ અવતાર અગ્રવાલ અને સેક્રેટરીની હાજરીમા આ સભામા અવિશ્વાસની દરખાસ્ત પર વોટિંગ કરવામાં આવ્યું હતું જેમાં હાજર રહેલા ૧૬ સભ્યોએ અવિશ્વાસની તરફેણ કરી પોતાના હાથ ઊંચા કર્યા હતા સાથે ગ્રામ પંચાયતના સરપંચ પણ પોતાના હાથ ઊંચા કરી ૧૭ વિરુદ્ધ ૦ થી આ દરખાસ્ત પસાર થઈ હતી.

ડેપ્યુટી સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ ગ્રામ પંચાયતના એક માત્ર મહિલા ડેપ્યુટી સરપંચ કલ્પનાબેન પટેલ ૨૦૧૭ થી આ હોદ્દા પર હતા આજે અંબાજીના રાજકારણમા ભૂકંપ આવી ગયો હતો તેમના વિરુદ્ધ થોડા દિવસો પહેલા ૧૮ વિરુદ્ધ ૧૪ સભ્યોએ સહી કરી હતી આજે ગ્રામ પંચાયતના સરપંચ, સેક્રેટરી સહીત ૧૬ સભ્યો હાજર રહ્યા હતા. આજે થયેલા વોટિંગમા ૧૭ વિરુદ્ધ ૦ થી દરખાસ્ત પસાર થઈ પસાર થઈ આજે ૧૮ સભ્યો પૈકી ૧૬ સભ્યો હાજર રહ્યા હતા સાથે ડેપ્યુટી સરપંચ કલ્પનાબેન પટેલ ગેરહાજર રહ્યા હતા અને તેમની સાથે લલિતાબેન પટેલ પણ ગેરહાજર રહ્યા હતા. કલ્પનાબેન પટેલ જયારે ડેપ્યુટી સરપંચ બન્યા ત્યારે તેમને જેમને મત આપ્યો હતો તે જ સભ્યોએ આજે અવિશ્વાસમા હાથ ઊંચો કરી તેમને હોદ્દા પરથી હટાવ્યા હતા.

# વિશોળ ગામે સાડા ચાર લાખની ઘરફોડ

ઊંઝા, તા. ૩૦

ઊંઝા તાલુકાના વિશોળ ગામે હનુમાન પરામાં આવેલ એક મકાનના પાછળના ભાગની બારી ખોલી કોઈ તસ્કરોએ અંદર પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ સાડાચાર લાખની કિંમતની મત્તાની ઉઠાંતરી કરી હોવાનો બનાવ બન્યો છે.

વિશોળ ગામે હનુમાન પરામાં રહેતા પટેલ અલ્કેશભાઈ કાંતિભાઈ રાતના સમયે પરિવાર સાથે પોતાના મકાનની બહાર આંગણામાં સુઈ રહ્યા હતા ત્યારે મધરાત બાદ કોઈ તસ્કરોએ મકાનના પાછળના ભાગની લોખંડની બારી ખોલી નાંખી હતી. બાદ અંદર પ્રવેશી હેન્ગરના હૂકમાં ભરાવેલ તિજોરીની ચાવી વડે તિજોરી ખોલી તેમાંથી પોણા ત્રણ તોલાનું સોનાનું મંગળસૂત્ર કિંમત રૂ. ૩૫૦૦૦, ચાંદીના બે બિસ્કીટ અંદાજે એક કિલો વજનના કિંમત રૂ. ૪૦,૦૦૦ તેમજ ત્રણ લાખ સાઈઠ હજારની રોકડ રકમ મળી કુલ ૪ લાખ ૩૫ હજારની મત્તાની ઉઠાંતરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. ઘરફોડ ચોરીના આ બનાવથી ગ્રામજનોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

તાજેતરમાં તાલુકાના મક્તુપુર અને દાસજ ગામે બોલેરો ગાડી અને કેબલ વાયરની ચોરીની ફરિયાદો મોડેથી નોંધાઈ હતી.

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી નાની મોટી ચોરીઓ, વાહનચોરીઓ વગેરે મિલકત વિરૂદ્ધના ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. આ સાથે સમાજ વિરોધી બદીઓ પણ ફૂલીફાલી હોવાનો લોકપોકાર ઉઠ્યો છે. આ વિસ્તારમાં અગાઉ થયેલ મિલ્કત વિરૂદ્ધના ગુનાઓ પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણ ઉકેલાયેલા રહ્યાં છે.

# દૂધ ઉત્પાદકો માટે કડવો ઘૂંટડો : આજથી દૂધના ભાવ ઘટશે

## ભેંસના દૂધના ભાવમાં ૨૦ તથા ગાયના દૂધમાં કિલો ફેટે ૯ નો ઘટાડો કરવાનો નિર્ણય : સાબરડેરી પાસે હાલ અંદાજે ૧૦ હજાર ટન પાવડર તથા ૩૫૦૦ ટન માખણ પડી રહ્યુ છે : કોરોનાને લીધે આંતરરાષ્ટ્રીય બજાર નીચુ આવી જતા મુશ્કેલી

હિંમતનગર, તા. ૩૦

સમગ્ર વિશ્વમાં નોવેલ કોરોના વાયરસે હાહાકાર મચાવીને વિશ્વનું અર્થતંત્ર હલબલાવી નાખ્યુ છે જેને લીધે ધંધાઓને થયેલી નકારાત્મક અસરો પડી રહી છે. ખાસ કરીને તેની વધુ અસરો દૂધના વ્યવસાય ઉપર પડી છે. હાલ હોટલનો ધંધો બંધ હોવાને કારણે દૂધ અને તેની બનાવટોની આંતરરાષ્ટ્રીય બજારમાં માંગ ઓછી હોવાને કારણે ખપત ઘટી ગઈ છે. જેના લીધે તા. ૧ જુલાઈ ૨૦૨૦ થી સાબર ડેરીએ ગાય અને ભેંસના દૂધના કિલો ફેટમાં રૂ. ૨૦ તથા રૂ. ૯ નો ઘટાડો કરવાનો નિર્ણય કરીને તેની સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની તમામ દૂધ મંડળીઓને પરિપત્ર પાઠવીને જાણ કરી દીધી છે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબર ડેરી દ્વારા દરરોજ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવેલ અંદાજે ૧૬૫૦થી વધુ ડેરીઓ મારફતે અંદાજે ૨૨ લાખ લીટરથી વધુ દૂધનું સંપાદન કરીને તેમાંથી દૂધની વિવિધ બનાવટો બનાવીને દેશ અને વિદેશમાં અમુલના માર્કા હેઠળ વેચાય છે. પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી નોવેલ કોરોના વાયરસને લીધે સરકારે લાદેલા લોકડાઉનને પગલે ખાસ કરીને હોટલોનો વ્યવસાય બંધ કરાવી દીધો હતો. જેને લીધે દૂધ તથા માખણ સહિતની અન્ય બનાવટોનું વેચાણ ઘટી ગયું છે.

સાબરડેરી પાસે હાલ હજારો ટન દૂધનો પાવડર અને માખણ પડી રહ્યુ છે દરમ્યાન સાબરડેરી દ્વારા આજે તા. ૧ જુલાઈને બુધવારથી ભેંસના દૂધનો ભાવ કિલો ફેટનો જે રૂ. ૭૩૦ ચુકવાતો હતો તેના બદલે હવેથી રૂ. ૭૧૦ એટલે કે રૂ. ૨૦ ઓછો ચુકવાશે તેજ પ્રમાણે ગાયના દૂધનો સમતુલ્ય ભાવ રૂ. ૩૦૩ ચુકવાતો હતો તેના બદલે હવેથી રૂ. ૨૯૪ ચુકવાશે. જેને લઈને ગાય અને ભેંસનું દૂધ સાબરડેરીને આપતા બંને જિલ્લાના અંદાજે સાડા ત્રણ લાખથી વધુ દૂધ ઉત્પાદકોને ઓછા નાણા મળશે.

બીજી તરફ સાબરડેરી સહિત ગુજરાતના અન્ય સંઘોમાં અંદાજે ૮૦ હજાર ટન પાવડર તથા ૨૦ હજાર ટન માખણ તૈયાર થઈને પડી રહ્યું છે. સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય બજારમાં માંગ ઓછી હોવાને કારણે પુરવઠો વધુ છે. જેના લીધે ના છુટકે ભાવ ઘટાડાનો કડવો ઘુંટડો દૂધ ઉત્પાદકોને પીધા વગર છુટકો નથી. જોકે આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય બજારોમાં દૂધની બનાવટોની માંગ વધશે તો સ્વાભાવિક છે કે દૂધના ભાવ પણ વધી શકે તેવી શકયતા નકારી શકાતી નથી.

### દૂધ ઉત્પાદકોનુ અહિત નહિ થવા દઈએ

સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ તથા એમ.ડી. બી.એમ. પટેલના જણાવાયા મુજબ આંતરરાષ્ટ્રીય બજારમાં દૂધના પાવડરનો ભાવ ઘટી જતા અને સાબરડેરી પાસે અંદાજે ૧૦ હજાર ટન પાવડર તથા માખણ ઉપલબ્ધ છે. ત્યારે કેન્દ્ર સરકારે દૂધના પાવડરની આયાત કરવાનો જે નિર્ણય કર્યો છે તેનો ભાવ દેશના પાવડર કરતા ઓછો હશે જેથી બજારમાં ટકી રહેવા માટે અને ઉત્પાદન ખર્ચ જળવાઈ રહે તેવા મત સાથે દૂધનો ભાવ કમને ઘટાડવાની ફરજ પડી છે તેમ છતાં આગામી દિવસોમાં દૂધનો ભાવ વધશે તેવી શક્યતાને નકારી શકાતી નથી. સાથોસાથ ઉત્તર ગુજરાતના સંઘો કરતા સાબરડેરી બંને જિલ્લાના દૂધ ઉત્પાદકોને વધુ ભાવ ચૂકવે છે તે પણ હકિકત છે. અને દૂધ ઉત્પાદકોનું અહિત ન થાય તેના માટે નિયામક મંડળ ચિંતિત હોય તે સ્વાભાવિક છે.

# અરવલ્લી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ

અરવલ્લી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક જિલ્લા પ્રભારી તથા આદિજાતિ અને વન રાજય મંત્રી રમણલાલ પાટકરના અધ્યેક્ષસ્થારને જિલ્લા કલેકટર કચેરી મોડાસા ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના જિલ્લાના આદિજાતિ તાલુકાઓના સર્વાંગી વિકાસના કામોની પ્રાથમિકતા આપવામાં આવી હતી. જિલ્લી પ્રભારી મંત્રીએ જિલ્લાના વિકાસના કામો ઝડપભેર પૂર્ણ કરવા અને વિકાસની ગતિને તેજ બનાવવા અધિકારીઓને અપીલ કરી હતી. અને જિલ્લાની શાળાઓના ઓરડા, પીવાના પાણી અને વિજળીકરણની બાકી કામગીરીને ઝડપથી પુરા કરવા વહિવટીતંત્રના અધિકારીઓનું ધ્યોન દોર્યુ હતું.

ન્યુ ગુજરાત પેટર્ન વર્ષ ૨૦૨૦-૨૧ની નાણાંકીય જોગવાઈ અને આયોજનની વિગત અંતર્ગત ભિલોડા તાલુકાના ૩૧૭ કામો માટે રૂ. ૭૧૮.૨૬ લાખનું આયોજન કરવામાં આવ્યું હતુ જયારે મેઘરજના ૧૬૧ કામો માટે રૂ. ૨૯૫.૪૨ લાખની જયારે જિલ્લાના મોડાસા અને માલપુર તાલુકાના છૂટાછવાયા આદિજાતિ ગામોના વિકાસના ૧૬ કામો રૂ. ૧૩.૯૧ લાખના મળી જિલ્લામાં આદિજાતિ તાલુકાઓના સંવાર્ગી વિકાસના ૪૯૪ કામો માટે રૂ. ૧૦૨૭.૫૯ નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. પ્રમુખ શ્રીમતી હંસાબેન પરમાર, ભિલોડા-મેઘરજના ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારા, અરવલ્લી કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર, જિલ્લા્ વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલીયા, અધિક કલેકટર આર.જે. વલવી, પ્રાયોજના અધિકારી મુનિયા, અગ્રણી રણવીરસિંહ ડાભી સહિત સહિત તાલુકા પંચાયત પ્રમુખો, તથા અગ્રણી પદાધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, તાલુકાકક્ષાના અધિકારીઓ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.



## ભિલોડા એસ.ટી. બસ ડેપોમાં ૮ નિવૃત્ત કર્મચારીઓનો વિદાય સમારંભ

હિંમતનગર ડીવીઝનના ભિલોડા એસ.ટી. બસ ડેપોમાં ૮ નિવૃત્ત કર્મચારીઓનો સન્માનભેર વિદાય સમારંભ યોજાયો હતો. ભિલોડા એસ.ટી. બસ ડેપો મેનેજર ગોવિંદભાઈ એમ.શ્રીમાળીના અધ્યક્ષસ્થાને વય મર્યાદાના કારણે નિવૃત્ત થયેલ ૮ કર્મચારીઓનો સન્માન સમારોહ ભારતીય મજદુર સંઘના નેજા હેઠળ યોજાયો હતો.વય મર્યાદાના કારણે નિવૃત થતાં ૧ ટી.સી., ૧ ડ્રાઈવર, ૫ કંન્ડકટર, ૧ વોચમેન સહિત કુલ ૮ કર્મચારીઓ નિવૃત્ત થતાં તેમને નિવૃત્તી ઓર્ડર, શ્રીફળ, ફુલહાર અને શાલ ઓઢાડી દબદબાભેર સન્માનીત કરી એસ.ટી. બસ ડેપો ખાતેથી વિદાય અપાઈ હતી. ભિલોડા બી.એમ.એસ. ટીમના ડ્રાઈવર, કંન્ડકટર, મિકેનીક સાઈડના તમામ કર્મચારીઓ તેમજ એ.ડી.એમ. સ્ટાફ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમને શોભાયમાન બનાવવા માટે નિવૃત્ત કર્મચારીઓના સગાં-સ્નેહીઓ ધ્વારા પણ સન્માન કરાયું હતું.